## તંત્રી સ્થાનેથી......

યોગને વિશ્વસ્તરીય બનાવવા માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ તેમજ રમત-ગમત યુવાઅને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ ગાંધીનગર દ્વારા રાજ્ય વ્યાપી સૂર્ય નમસ્કાર - મહાભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. કચ્છ સહિત રાજ્યભરમાં ૦૧ ડિસેમ્બર-૨૦૨ ઉથી શરૂ કરવામાં આવેલું આ અભિયાન તા.૧ જાન્યુઆરી સુધી ચાલશે. તા.૧ જાન્યુઆરીના રાજ્યભરમાં ૧૦૮ સૂર્ય નમસ્કાર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જે પૈકી એક રાજય કક્ષાએ તથા અન્ય ૫૦ સ્થળો ઉપર વર્લ્ડરેકોર્ડ નોંધાવવાએકી સાથેઅને એકજ સમયે સૂર્ય નમસ્કાર કરાશે. આ વર્લ્ડ રેકોર્ડના આયોજનમાં કચ્છના ૨ સ્થળો ભાગીદારી નોંધાવશે. જયારે જિલ્લાના અન્ય ૬ આઈકોનિક સ્થળો પર પણ સૂર્ય નમસ્કાર કાર્યક્રમ યોજાશે. રાજયવ્યાપી સૂર્ય નમસ્કાર અભિયાનમાં ગ્રામ્ય/શાળા/વોર્ડ કક્ષા, જિલ્લા/મહાનગરપાલિકા તથારાજય કક્ષા સુધી સૂર્ય નમસ્કારસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુંછે. જેમાંવિજેતા થયેલા સ્પર્ધકોરાજય કક્ષાએ ૩૦ડિસેમ્બરના રોજ ભાગ લેશે તેમાંથી ૬ શ્રેષ્ઠ સ્પર્ધક વિજેતા જાહેર કરાશે તા.૧/૧/૨૦૨૧નારોજ મોઢેરા સૂર્ય મંદિર, મહેસાણા ખાતે વિજેતાઓનો સન્માન સમારોહ યોજાશે. સાથે પ્રથમ દિવસનીપ્રથમ સૂર્યનીકિરણ સાથેભગવાન સૂર્ય નારાયણની ઉપાસના કરતાઅંદાજે ૨૫૦૦લોકોની હાજરીમાં૧૧ સૂર્ય નમસ્કાર કાર્યક્રમનું આયોજન કરવામાંઆવ્યું છે. ઉપરાત દરેક જિલ્લા/ મહાનગરપાલિકા તેમજ અન્ય પ્રતિષ્ઠિત જગ્યાઓમળી ૧૦૭કાર્યક્રમ તથામોઢેરા સહિત એમ કુલ ૧૦૮જગ્યાએ સૂર્ય નમસ્કાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે. રાજ્યભરમાંએકી સાથે અને એક જ સમયે સૂર્ય નમસ્કાર કરવા અંગેવર્લ્ડ રેકોર્ડમાંનોંધણી કરવામાંઆવશે. વર્લ્ડરેકોર્ડ નોંધાવવા ૧૦૮ કાર્યક્રમો પૈકી એક રાજયકક્ષાએ તથા અન્ય ૫૦ સ્થળો સૂર્ય નમસ્કાર કરાશે. આ વર્લ્ડ રેકોર્ડમાટે કચ્છ જિલ્લામાં ભુજના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ૨૦૦ નાગરિકો સૂર્ય નમસ્કાર કરશે જયારે સફેદ રણ ખાતે૧૦૦ નાગરિકોસૂર્ય નમસ્કાર કરીને વર્લ્ડ રેકોર્ડમાં ભાગીદારી

# ન્યાયસંગત રાષ્ટ્રનિર્માણમાં NFSUના વિદ્યાર્થીઓનું વિવેકપૂર્ણ યોગદાન ભારતને સુરાજ્ય તરફ આગળ ધપાવશે: શ્રી ધર્મેન્દ્ર પ્રધાન

### અતિથિ વિશેષપદે સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના કુલપતિ, પ્રો. (ડો.) રમાશંકર દુબે ઉપસ્થિત રહ્યાઃ પદવીદાન સમારોહમાં ૪૮ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરાયા





**કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન દ્રહ્જેંના દ્વિતીય પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહ્યા**

કમલમ્ ન્યુઝ,અમદાવાદ
ભરત ભોગાયતા

નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU) નોદ્વિતીય પદવીદાન સમારોહ તા.૬ જાન્યુઆરી, ૨૦૨૪નારોજ NFSU કેમ્પસ, ગાંધીનગરખાતે યોજાયોહતો. આ પદવીદાન સમારોહના મુખ્ય અતિથિ પદે કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન ઉપસ્થિત રહ્યા હતા. અતિથિ વિશેષપદે સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના કુલપતિ, પ્રો. (ડૉ.) રમાશંકર દુબે ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે રિપબ્લિક ઓફ ઝિમ્બાબ્વેના શિક્ષણ મંત્રી શ્રી એડસન મોયો, રવાન્ડાના ભારત ખાતેના હાઈકમિશનર જેકેલિન મુકાન્ગિરા ખાસ આમંત્રિત મહાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. વિશ્વની સૌપ્રથમ અને એકમાત્ર ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, NFSUનાકુલપતિ, ડૉ.જે. એમ. વ્યાસેજણાવ્યુંહતું કેશૈક્ષણિક વર્ષ-૨૦૨૨-૨૩માં ઉત્તીર્ણથયેલા કુલ ૪૮ ગોલ્ડ મેડલ વિદ્યાર્થીઓને એનાયત કરવામાં આવ્યા છે. ઉપરાંત, જ્યારેયુનિવર્સિટીના કુલ ૧૧૭૮ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાંઆવી છે. જેમાં ૨૩ વિદ્યાર્થીઓને પીએચ.ડી. ડિગ્રીનો સમાવેશ થાય છે. મુખ્ય અતિથિ શ્રી ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા NFSUના વિવિધ વિષયોના ટોપર્સને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. પદવીદાન સમારોહના મુખ્ય અતિથિ પદે ઉપસ્થિત રહેલા કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રીધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે ન્યાયસંગતસમાજ-ઘડતર અને રાષ્ટ્રનિર્માણમાં NFSUના વિદ્યાર્થીઓનું વિવેકપૂર્ણ યોગદાન ભારતને આગામી સમયમાં સુરાજ્ય-રામરાજ્ય તરફ આગળ ધપાવશે. વસુધૈવ કુટુમ્બકમ્-ની ભાવનાને ચરિતાર્થ કરવા માટે વિદ્યાર્થીઓ વ્યક્તિગત વિચારથી આગળ વધીને ૨૧મી સદીમાં ભારતનેવિશ્વસ્તરે આગળવધારે તે સમયની માગ છે. સ્પર્ધાત્મક દુનિયામાં ભૌતિકતાની સાથે ભારતીય આધ્યાત્મિકતાપણ ખૂબ મહત્ત્વનીછે. માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના દૂરંદેશી નેતૃત્વમાં ઘડાયેલી નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ના ભાગરૂપે NFSU ખરા અર્થમાં મલ્ટી-ડિસિપ્લિનરી યુનિવર્સિટીબની છે.NFSU જેવી પ્રતિષ્ઠિતઆંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત સંસ્થામાં વિદ્યાર્થીઓને મળીને તેમજ તેઓને ડી.એસસી., પીએચ.ડી. સહિતની ડિગ્રી પ્રદાન કરીને ગૌરવની લાગણી અનુભવું છું. આ યુનિવર્સિટીમાં ૫૫ ટકા વિદ્યાર્થિનીઓ ફોરેન્સિક સાયન્સનો અભ્યાસ કરી રહી છે, તે આનંદદાયક છે. આર્થિક પ્રગતિએ નવા પડકારો ઊભા કર્યા છે. વિશ્વમાં નવી વિશ્વ-વ્યવસ્થાનું નિર્માણ થઈ રહ્યું છે અને તેમાં ઉદ્ભવતા પડકારોનો સામનો કરવા NFSU સાયબર સિક્યોરિટી સહિતના ક્ષેત્રોમાં કાર્યરત્ છે અને ફોરેન્સિક સાયન્સ ક્ષેત્રે નવી તકો પણ ઊભી કરીરહી છે. NFSU ના કુલપતિ, ડૉ. જે.એમ. વ્યાસે સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીની સ્થાપનાએ આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા માત્ર ભારત જ નહીં,સમગ્ર વિશ્વમાટે ઉપયોગી કુશળ ફોરેન્સિકનિષ્ણાતોનું સર્જન કરવા માટેનું સ્વપ્ન છે અને ગુનાખોરી સંબંધિત પડકારોનો સામનો કરવામાં અત્યંત ઉપયોગી સાબિત થશે. ૧૪ વર્ષના ટૂંકા ગાળામાં યુનિવર્સિટીએ રાજ્ય સ્તરથી લઈને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર સુધીની અભૂતપૂર્વ પ્રગતિ કરી છે, જેમાં માનનીય કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહનું પણ નિરંતર માર્ગદર્શન, પ્રોત્સાહન પ્રાપ્ત થયું છે. દર વર્ષે ૨૦૦૦ થી વધુ વિદેશી પોલીસ અધિકારીઓ, ફોરેન્સિક વૈજ્ઞાનિકો, ન્યાયાધીશો, વિવિધ લો એન્ફોર્સમેન્ટએજન્સીનાઅધિકારીઓ આ યુનિવર્સિટીમાં તાલીમ મેળવે છે. ડૉ. વ્યાસે જણાવ્યું હતું કે હાલમાં, યુનિવર્સિટી ૭૨ અત્યંત વિશિષ્ટ ડોક્ટરલ, પોસ્ટ-ડોક્ટરલ પોસ્ટગ્રેજ્યુએટપ્રોગ્રામ્સ, ઈન્ટિગ્રેટેડ UG-PG પ્રોગ્રામ્સ, પોસ્ટ-ડોક્ટરલ (D.Sc./ D.Litt./ LLD), B. Sc. જેવાફોરેન્સિક સાયન્સ સાથે સંબંધિત અભ્યાસક્રમો ચલાવે છે. જ્યારે ૯૫થી વધુ દેશોના વિદ્યાર્થીઓ આ યુનિવર્સિટી ખાતે અભ્યાસ કરી રહ્યાં છે. ભારતમાં NFSU નવ કેમ્પસ ધરાવે છે. વિદેશ, યુગાન્ડા ખાતે પોતાનું કેમ્પસ શરૂ કરનારી ભારતની સૌપ્રથમ સરકારી યુનિવર્સિટી બનવાનું ગૌરવ પણ NFSU ધરાવેછે. આપદવીદાન સમારોહમાં દરમિયાન વિવિધ ક્ષેત્રના મહાનુભાવો; બોર્ડ ઓફ ગવર્નર્સ અને એકેડેમિક કાઉન્સિલ ના સભ્યો; પ્રો. (ડૉ.) એસ. ઓ. જુનારે,કેમ્પસડાયરેક્ટરગાંધીનગર, શ્રીસી. ડી.જાડેજા, એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર, NFSU ની વિવિધ સ્કૂલ્સનાડીનઅનેએસોસિયેટ ડીન, અધ્યાપકગણ, વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ હાજર રહ્યા હતા.

# નખત્રાણા ખાતે તાલુકાકક્ષાની પશુપાલન શિબિર યોજાઈ



કમલમ્ ન્યુઝ,

કચ્છ જીલ્લા પંચાયતની પશુપાલન શાખાના ઉપક્રમે પશુ દવાખાના નખત્રાણા દ્વારા તાલુકા કક્ષાની પશુપાલન શિબિરનું આયોજન નખત્રાણા તાલુકાના રામપર (પિયોણી) ગામે કરવામાં આવ્યુ હતું. જેના આજુબાજુના ગામોનાં પશુપાલકોએ બહોળા પ્રમાણમાં લાભ લઈ પશુપાલનને લગતી અદ્યતન માહિતી મેળવી હતી. શિબિરની સાથે પશુપાલન શાખા અને સરહદ ડેરીદ્વારા પ્રદર્શન સ્ટોલ્સ પણ ગોઠવવામાં આવ્યા હતા. દીપ પ્રાગટ્ય સાથે શિબિરને ખુલ્લી મુકતાં અબડાસા વિધાનસભા વિસ્તારનાં ધારાસભ્યશ્રી પ્રદ્યુમ્નસિંહજી જાડેજાએ પશુપાલકોને વ્યવસાયલક્ષી અભિગમ અપનાવવા, ઓછા પણ સારી દૂધ ઉત્પાદન ક્ષમતા વાળા પશુઓ રાખવા અને રખડતા નર વાછરડાઓનું ખસીકરણ કરાવી લેવા અનુરોધ કર્યો હતો. નાયબ પશુપાલન નિયામક ડો. હરેશ ઠક્કર દ્વારા પશુધન અને દુધ ઉત્પાદન અંગેની માહિતી આપી પશુ સંવર્ધન બાબતે વિશેષ ધ્યાન આપવા જણાવ્યું હતું. વેટરનરી પોલોક્લિનિકનાં ડૉ. ગિરિશ પરમાર, પશુરોગસંશોધન કચેરીનાં ડૉ. ચૌહાણ, ડૉ.કુલીન પટેલ, ડૉ. આગલોડીયા, સરહદ ડેરીનાં ડૉ.પંડ્યાએ પશુપાલકોને પશુઓમાં થતા વિવિધ રોગો, રસીકરણ, પશુ પોષણ, પશુ માવજત, કૃત્રિમ બીજદાન, એમ્બ્રિયો ટ્રાન્સસફર ટેકનોલોજી વગેરે મુદાઓ પરત્વે માર્ગદર્શન આપ્યુ હતું. શ્રી હરીસિંહજી રાઠોડ, ગામનાં સરપંચશ્રી બુધાભાઈ રબારી, શ્રી કરમશીભાઈ પટેલ, પુરૂષોત્તમભાઈ, ખીમજીભાઈ, પૂર્વ સરપંચશ્રી ભગવતીબેન, જલાભાઈ, લક્ષ્મણભાઈ વગેરેએ હાજરી આપી હતી. શિબિરનું આયોજન નખત્રાણા પશુ દવાખાનાનાં ડૉ. હાર્દિક શર્મા તેમજ ડી.એમ.એફ.નાં ડૉ.ચાવડા અને નખત્રાણા તાલુકાની પશુપાલન ટીમ દ્વારા કરાયેલ હતું. આભારવિધિ ઈશ્વરભાઈએ કરી હતી.

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ૫૦ માં સ્વર્ણિમ યુવા મહોત્સવમાં ગાબાણી કોલેજની વિદ્યાર્થિનીની સિદ્ધિ



કમલમ્ ન્યુઝ,

શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમસભા સંચાલિત શ્રીજે.ડી.ગાબાણી કોમર્સ કોલેજ એન્ડ શ્રીસ્વામી આત્માનંદ સરસ્વતી કોલેજ ઓફ મેનેજમેન્ટની વિદ્યાર્થીની શિયલ દયા તખુભાઈએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત ૫૦ માં સ્વર્ણિમ યુવા મહોત્સવમાં લોકગીત સ્પર્ધામાં દ્રીતીય ક્રમ મેળવી કોલેજનું ગૌરવ વધાર્યુ છે. લોકગીત સ્પર્ધામાં કુલ ૩૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કોલેજની વિદ્યાર્થીની શિયલ દયાને કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ગોવિંદભાઈ એમ. ધીનૈયા અને સમગ્ર કોલેજ પરિવાર ખૂબ ખૂબ શુભેચ્છાઓપાઠવે છે.

# સ્વચ્છતા કાર્યકરના ઘરે ચાલીને જઈને સાદગીપૂર્ણ અભિગમ દાખવી સંવાદ સાધતાં મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ

**સરકારની મદદથી સાવ કાચા મકાનમાંથી પાકા ઘરમાં પહોંચ્યા સ્વચ્છતા કાર્યકર શારદાબેન ગોહેલ**



કમલમ્ ન્યુઝ,રાજકોટ

રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકામાં અમરગઢ ભિચરી ગામે "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" કાર્યક્રમમાં હાજરી આપવા પહોંચેલાઆરોગ્ય,પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલનો સાદગીપૂર્ણ અભિગમ લોકોએ નિહાળ્યો હતો અમરગઢ ભિચરી ગામના સ્વચ્છતા કાર્યકર એવા શારદાબેન ગોહેલનાં ઘરે સામાન્ય નાગરિકોની જેમ ચાલીને મંત્રીશ્રી પહોંચ્યા હતા. પ્રધાનમંત્રી આવાસ યોજના - ગ્રામીણ અંતર્ગત સાવ કાચા મકાનમાંથી પાકા સુંદર મજાના ઘરમાં રહેતા લાભાર્થી શારદાબેન સાથે સંવાદ સાધ્યો હતો. કેન્દ્ર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓના લાભો જરૂરિયાતમંદ દરેક નાગરિકો સુધી પહોંચાડવા માટે સરકાર કટિબદ્ધ થઈ કામગીરી કરી રહી છે, જે લોકોને લાભો નથી મળ્યા તેઓને વિકસિત ભારત સંકલ્પ યાત્રા થકી ઘર આંગણે લાભો આપવાની સરકારની નેમ છે, તેવો ભાવ મંત્રીશ્રીએ વ્યકત કર્યો હતો. મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલને શારદાબેનએ કૃતજ્ઞભાવે જણાવ્યું હતું કે, "મારા બાળકો નાના હતા ત્યારે પતિનું અવસાન થયું, ઘરનું કમાનાર વ્યક્તિ ન રહેતા ઘરની બધીજવાબદારીમારા ઉપર આવી ગઈ હતી. વરસાદ સમયે કાચા ઘરમાં પાણી ટપકતું, ઊભાથાય તો છત પણ માથે અડી જાય એવું અમારું ઘર હતું. મજૂરી કામ કરતી હું ઘરનું ઘર તો કઈ રીતે વિચારું? પણ સરકારની મદદથી મારું પાકા ઘરનું સ્વપ્ન સાકાર થયું. આજે હું મારા પાકુઘરમાં મારાબાળકો સાથે ખુબ સુખેથી રહું છું. પાકા ઘરની સાથે સાથે મને આયુષ્માન કાર્ડ, નલ સે જલ થકી ઘરે નળ કનેકશન, પ્રધાનમંત્રી ઉજજવલા યોજના અન્વયે ગેસકીટનો પણ લાભ મળ્યો છે. મનરેગા યોજના હેઠળ રોજગારી મેળવી હું મારા પરિવારનું ગુજરાન ચલાવું છું. સરકારની મદદથી મારું જીવન ખુબ સારું ચાલી રહ્યું છે આ માટે હું વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો હૃદયપૂર્વક ખુબ ખુબ આભાર માનું છું. આ તકે મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ સાથે સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયા, ધારાસભ્યશ્રી ઉદયભાઈ કાનગડ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રવિણાબેન રંગાણી, કલેકટરશ્રી પ્રભવ જોશી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેવ ચૌધરી, પ્રાંત અધિકારીશ્રી નિશાચૌધરી સ્વચ્છતા કાર્યકરનાં ઘરે પહોંચ્યા હતા.

# મહર્ષિ દયાનંદ સ્મારક ગુરુકુલ આશ્રમ સૂપા ખાતે સ્વામી શ્રદ્ધાનંદજી બલિદાન દિવસ ઉજવાયો



કમલમ્ન્યુઝ, નવસારી

ગુજરાત ગુરુકુળ સભા સંચાલિત મહર્ષિ દયાનંદસ્મારક ગુરુકુલ સુપા ખાતે શતાબ્દી મહોત્સવ ઉજવવા જઈ રહ્યો છે ત્યારે અનેકવિધ કાર્યક્રમનું આયોજન કરવામાંઆવી રહ્યુંછે. સૌપ્રથમ કાર્યક્રમ ૨૩ ડિસેમ્બર સ્વામી શ્રદ્ધાનંદજી બલિદાન દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ૧૯૨૪ માં પુર્ણા નદીના કિનારે ગુરુકુલ સુપા આશ્રમનું ઉદ્ઘાટન અને સ્થાપના સ્વામી શ્રદ્ધાનંદજી એ કરી હતી આશ્રમના પરિસરમાં સૌપ્રથમ વૈદિકયજ્ઞકરવામાંઆવ્યોહતોજેમાંસમગ્ર આશ્રમના પરિવારોએ યજ્ઞમાં આહુતિ આપી ગુરુકુલના બ્રહ્મચારીઓને સ્વામીશ્રદ્ધાનંદજી જન્મ અને તેમની જીવન ગાથા સહ મુખ્યાધિષ્ઠાતા સુરેશભાઈ રત્નાણી દ્વારા રજૂ કરાઈહતી..ગુજરાત ગુરુકુલસભાના ટ્રસ્ટી ડાયાભાઈ ભીખાભાઈ પટેલ, પ્રમુખ દીપકભાઈ અમથાભાઈ પટેલ દ્વારા આર્ય ધ્વજને સલામી આપવામાં આવી હતી. ધોરણ-૯ ના બ્રહ્મચારી યુગ દ્વારા સ્વામી શ્રદ્ધાનંદજીજીવન કહાની વિદ્યાર્થીઓને સંભળાવવામાં આવી હતી સંસ્થાના ટ્રસ્ટીશ્રી ડાયાભાઈ દ્વારા સંસ્થાના ૧૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે ત્યારે જુના સંસ્મરણો વાગોળવામાં આવ્યા હતા સંસ્થાના અંતર્ગત સદસ્ય ધર્મેશભાઈ પટેલ અને દિલીપભાઈ મિસ્ત્રી પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા માર્ચપાસ્ટ અને બેન્ડ દ્વારાબલિદાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી શતાબ્દી મહોત્સવ પ્રસંગે આવનારા સમયમાં અન્ય કાર્યક્રમ પણ યોજાશે તેવું સંસ્થાના મુખ્યાધિષ્ઠાતાઆચાર્ય શ્રીચંદ્રગુપ્તજી એજણાવ્યું હતું. પ્રાથમિક શાળાના આચાર્યશ્રી રાકેશભાઈ આહિરે આભાર વિધિ કરી હતી સમગ્ર કાર્યક્રમમાં ગુરુકુલ પરિવાર જોડાયો હતો.

# શેઠિયા પ્રાકૃતિક ફાર્મ કચ્છ સહિત રાજયના ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતીનું શ્રેષ્ઠ ઉદાહરણ : રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

### ભચાઉના ગુણાતિતપુર ગામના મોડેલ પ્રાકૃતિક ફાર્મની મુલાકાત લેતા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી



**શેઠિયા ફાર્મની મુલાકાત લઈને ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા રાજ્યપાલશ્રીનો અનુરોધ**

કમલમ્ન્યુઝ,ભુજ,

કચ્છની મુલાકાતે આવેલા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ભચાઉતાલુકાના ગુણાતિતપુર ગામે પ્રાકૃતિક ખેતીના મોડેલ ફાર્મ શેઠિયાનેચરલ ફાર્મઅને નર્સરીની મુલાકાત લીધીહતી. જીવામૃત-ઘન જીવામૃત આધારિત પ્રાકૃતિક ખેતીથી ઉગાડેલા શાકભાજી, ફળો અને પાકને જોઈને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને લેડી ગવર્નર શ્રીમતિ દર્શના દેવીજી પ્રભાવિત થયા હતા. દેશી ગાયના ગોબર-ગૌમૂત્ર આધારિત પ્રાકૃતિક ખેતી કેવી રીતેએક ખેડૂતનાજીવનમાં બદલાવ લાવી શકે તેનું ઉત્તમ ઉદાહરણ શેઠિયા નેચરલ ફાર્મ છે. કચ્છની જમીન અનેવાતાવરણમાંપ્રાકૃતિક ખેતી એક ક્રાંતિ સર્જી શકે છે એવો વિશ્વાસ વ્યકત કરીને રાજ્યપાલશ્રીએ ખેડૂતોને શેઠિયા નેચરલ ફાર્મની મુલાકાતલેવા માટે અપીલ કરી હતી.

પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે પણ કચ્છના ખેડૂતો જાગૃતબનીરહ્યા છે તે જાણીને રાજ્યપાલશ્રીએ આનંદની લાગણી વ્યક્ત કરીહતી. પ્રાકૃતિક ખેતીના મોડેલ ફાર્મની મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રીએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન આપીને વિવિધ ફળ, શાકભાજીના પાકોનું નિરીક્ષણ કર્યુંહતું. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતીથીઉગાડેલા અંજીરનો આસ્વાદ પણ માણ્યો હતો. રાજ્યપાલશ્રીએ કચ્છના તમામ ખેડૂતોને આ ફાર્મમાંથી પ્રાકૃતિક ખેતી કરવા માટેની પ્રેરણા લેવાનું સૂચન કરીનેસૌને ગૌસંવર્ધન અને નર્સરી વિકસાવવા માર્ગદર્શન આપ્યું હતું. રાજ્યપાલશ્રીએ મુલાકાત દરમિયાન ઉપસ્થિત સૌ ખેડૂતોની સાથે મુકત મને સંવાદ કર્યોહતો. આ મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રી સાથે જિલ્લા કલેક્ટરશ્રી અમિતઅરોરા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ.કે. પ્રજાપતિ, પોલીસ અધિક્ષકશ્રી સાગર બાગમાર, જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી સુલોચના પટેલ, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી કિરણસિંહ વાઘેલા, આત્માપ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી પી.કે. તલાટી, શેઠિયા ફાર્મના ખેડૂત હિતેશભાઈ વોરા સહિત ખેડૂત પરિવારો ગુણાતિતપુરના સરપંચશ્રી અને ગામના ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

